# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-10-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. મહેસાણામાં પ્રથમ વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદનું સમાપન - બે દિવસમાં ત્રણ લાખ 24 હજાર કરોડથી વધુનું રોકાણ આવ્યું
2. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , લોકોની ભાગીદારીથી દરેક ગામ અને પ્રદેશ સુધી વિકાસ પહોંચાડવાનો સંકલ્પ આ પરિષદથી પૂર્ણ થશે
3. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સાસણ ગીરમાં સિંહ દર્શન અને સોમનાથમાં પૂજા-અર્ચના કરી
4. કચ્છના ખડીર વિસ્તારમાં નર્મદાનું પાણી પહોંચાડવા સરકારે 451 કરોડ રૂપિયાની રકમ મંજૂર કરી.
5. દેશભરમાં 2 હજારથી વધુ લોકો સાથે સાયબર છેતરપિંડી કરનારા આરોપીને ભરૂચ પોલીસે ઝારખંડથી પકડ્યો.

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# VGRC CLOSING CEREMONY

રાજ્યમાં સૌપ્રથમ વખત મહેસાણામાં યોજાયેલી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ – VGRCનું આજે સમાપન થયું. સમાપન સમારોહને સંબોધતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , લોકોની ભાગીદારીથી દરેક ગામ , દરેક પ્રદેશ સુધી વિકાસ તેમના સુધી પહોંચાડવાનો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો સંકલ્પ આ પરિષદથી પાર પડશે. પ્રથમ VGRC-ની સફળતા “વૉકલ ફૉર લૉકલ ” અને “ગામથી વિશ્વ”ની દિશામાં આગળ વધવાનો વિશ્વાસ દ્રઢ બનાવે છે તેમ પણ શ્રી પટેલે ઉમેર્યું.

બે દિવસની પરિષદમાં અંદાજે ત્રણ લાખ 24 હજાર કરોડના રોકાણ થયા. તેનાથી ઉત્તર ગુજરાતમાં ભવિષ્યમાં આવવાથી પ્રાદેશિક વિકાસને નવી ગતિ મળશે તેવો શ્રી પટેલે વિશ્વાસ વ્યક્ત કર્યો.

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી , ભાગીદાર દેશ અને દેશ-વિદેશના પ્રતિનિધિમંડળ તથા રાજ્યના કર્મયોગીઓને આ VGRCની સફળતાનો સંપૂર્ણ શ્રેય જાય છે તેમ શ્રી પટેલે ઉંમેર્યું.

-------------

# VGRC 2025 OVERALL

મહેસાણામાં પ્રાદેશિક આકાંક્ષા , વૈશ્વિક મહત્વાકાંક્ષા ની વિષયવસ્તુ સાથે યોજાયેલી પહેલી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ – VGRCની આજે પૂર્ણાહૂતિ થઈ. ગત બે દિવસમાં આ પરિષદમાં 70થી વધુ દેશની ભાગીદારી સાથે 440થી વધુ આંતર-રાષ્ટ્રીય પ્રતિનિધિઓ સહિત 29 હજારથી વધુ સહભાગી નોંધાયા. જાપાન, વિએતનામ, ન્યૂ ઝિલૅન્ડ, રવાન્ડા, ગયાના, યુક્રેન સહિતના દેશના રાજદ્વારીઓ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા.

પરિષદમાં 160થી વધુ ઉદ્યોગથી ઉદ્યોગ – B-2-B અને 100થી વધુ ઉદ્યોગથી સરકાર – B2G બેઠક યોજાઈ. તેમાં 410થી વધુ પ્રદર્શકે ભાગ લીધો. જ્યારે 170થી વધુ સુક્ષ્મ , લઘુ અને મધ્યમ – MSME તથા સ્ટાર્ટ-અપ્સની સક્રિય ભાગીદારી જોવા મળી. પરિષદ થકી આગામી સમયમાં ઉત્તર ગુજરાતમાં ત્રણ લાખ 24 હજાર કરોડનું રોકાણ આવશે.

ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂતે આ પરિષદ ઉત્તર ગુજરાતમાં ઉદ્યોગ, રોકાણ અને રોજગારીની નવી તકનું સર્જન કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

-------------

# PREZ MURMU GUJ VISIT

રાજ્યનાં પ્રવાસે પધારેલાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજે જુનાગઢનાં પ્રવાસ દરમિયાન સાસણગીરમાં સિંહ દર્શન કર્યા. સાંભળીએ જુનાગઢના અમારા પ્રતિનિધિનો અહેવાલ.....

***(V/C- SANJIV MEHTA, PTC, JUNAGADH)***

ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ રાજ્યનાં ત્રણ દિવસનાં પ્રવાસે ગઈકાલે સાંજે રાજકોટ પહોંચ્યાં હતાં. આજે સવારે તેમણે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં જળાભિષેક કરી સોમેશ્વર મહાપૂજા અને ધ્વજાપૂજા કરી હતી.

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# VIKAS SAPTHA-DISTRICT

રાજ્યભરમાં વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમ યોજાઇ રહ્યા છે. સુરેન્દ્રનગરના સુદામડા ગામની પ્રાથમિક વિકાસ રથનું સ્વાગત કરા યું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો એ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કર્યું. આ સાથે આરોગ્ય અને સમાજ સુરક્ષા વિભાગનાં લાભાર્થીઓને યોજનાકીય લાભોનું વિતરણ કરા યું. કાર્યક્રમના અંતે લોકોએ ‘વોકલ ફોર

લોકલ'ના સંકલ્પ સાથે સ્વદેશી ઉત્પાદનોના ઉપયોગને પ્રોત્સાહન આપવા તેમજ આત્મનિર્ભર ભારતના નિર્માણના શપથ લીધા.

ડાંગમાં વધઇ તાલુકાના નડગચોન્ડ ગામ માં વિકાસ રથનું સ્વાગત કરાયું. તેમજ ગુજરાત વિધાનસભા ના નાયબ મુખ્ય દંડક વિજય પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી રાત્રી સભામાં આરોગ્ય વિભાગના લાભાર્થીઓને PMJAY કાર્ડ, અને સંકલિત બાળ વિકાસ યોજના - ICDSના લાભાર્થીઓને કીટ અપાઇ તેમજ વિવિધ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ પણ કર્યું.

છોટા ઉદેપુરના કવાંટ તાલુકાનાં ભેખડિયા ગામે પણ વિકાસ સપ્તાહ અંતર્ગત યોજાયેલી રાત્રિ ગામ સભામાં મહાનુભાવોએ લાભાર્થીઓને યોજનાકીય લાભોનું વિતરણ કર્યું.

તાપીમાં યોજાયેલી પૂર્ણા આરોગ્ય શિબિરમાં 187 કિશોરીઓના આરોગ્યની તપાસ સાથે પોષણ જાગૃતિનો સંદેશ અપાયો.

સાબરકાંઠાના હિંમતનગરના વક્તાપુર ખાતે વિકાસ રથનું લોકોએ સ્વાગત કર્યું. ભાવનગરમાં PGVCL કચેરી ખાતે કર્મચારીઓએ ભારત વિકાસ પ્રતિજ્ઞા માટે સંકલ્પ લીધા. જ્યારે મોરબી મહાનગરપાલિકા દ્વારા શરૂ કરાયેલા સ્વદેશી મેળમાં 60 હાટડી સાથે સ્થાનિક કારીગરો જોડાયા હતા.

. . . . . . . . . .

# 201 new bus -HARSH SANGHVI

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આજે ગાંધીનગર ખાતેથી એસ.ટીની નવી 201 બસને લીલીઝંડી આપી. એસ. ટી. નિગમ દ્વારા દિવાળી નિમિત્તે નવી

બસ ઉપરાંત વધારાની 4 હજાર 200 બસના સંચાલનનો પણ  શ્રી પટેલે પ્રારંભ કરાવ્યો.

આ પ્રસંગે ઉપસ્થિત વાહન વ્યવહાર રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું જરૂર મુજબ વધારાની બસોની પણ વ્યવસ્થા કરાશે.

**(બાઇટ –હર્ષ સંઘવી, વાહન વ્યવહાર રાજ્ય મંત્રી)**

-------------

# RAILWAY MININSTER EKTANAGAR

કેન્દ્રીય રેલવે રાજ્યમંત્રી વી. સોમન્નાએ રાજ્યના પ્રથમ હરિયાળા રેલવેમથક એકતાનગરની મુલાકાત લીધી. તેમણે રેલવેમથક પરિસરનું નિરીક્ષણ કરી સ્વચ્છતા, આધુનિક સુવિધાઓ અંગે માહિતી મેળવી. તેમણે રેલવેના અધિકારીઓ સાથે સંવાદ કરી તેમને માર્ગદર્શન પણ આપ્યું હતું.

શ્રી સોમન્નાએ ગતિશક્તિ વિશ્વ-વિદ્યાલયમાં ચાલતી બુદ્ધિમત્તા પરિવહન પ્રણાલિમાં બ્રિજ અને ટનલ ઇજનેરી જેવા અભ્યાસક્રમની પ્રશંસા કરી હતી. બૂલેટ ટ્રેન ભારતના ગૌરવનું પ્રતિક બનશે. તેમજ ગુજરાત આજે દેશ માટે વિકાસનું આદર્શ બની ગયું હોવાનું પણ શ્રી સોમન્નાએ જણાવ્યું.

-------------

# KACHCHH KHADIR NARMADA PAANI

રાજ્ય સરકારે કચ્છના ખડીર વિસ્તારમાં નર્મદાનું પાણી આપવાનો નિર્ણય કર્યો છે. આ માટે સરકારે 451 કરોડ રૂપિયાથી વધુની રકમને મંજૂરી આપી છે. આ અંગે જળસંપત્તિ મંત્રી કુંવરજી બાવળિયાએ કહ્યું , આ આયોજનથી ખડીર વિસ્તારના 194 તળાવ અને છ નાની સિંચાઈ યોજનાઓમાં પાણી પહોંચ શે. તેનાથી ઐતિહાસિક ધોળાવીરા સહિત 10 ગામની પાંચ હજાર 492 હેક્ટર જમીન નવ પલ્લવિત થશે.

ભચાઉ તાલુકાના ખડીર વિસ્તાર માટે પાણીની સમસ્યાના નિવારણ અને ભૂગર્ભ જળનો ઉપયોગ ઘટાડી ભૂગર્ભ જળ સપાટી ઉપર લાવવા નર્મદાના પૂરના વધારાના પાણીને પાઈપલાઈન દ્વારા પહોંચાડવા આ નિર્ણય કરાયો હોવાનું શ્રી બાવળિયાએ જણાવ્યું હતું.

------------

# Cyber Crime -Bharuch Crime Branch

ભરૂચ પોલીસે ઝારખંડના જામતાડામાંથી સાયબર ગુનો કરનારા એક આરોપીની ધરપકડ કરી છે. આ આરોપીએ દેશના વિવિધ વિસ્તારના બે હજાર 18 લોકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી કરી હોવાનું જણાયું છે

ભરૂચ પોલીસ ના કોન્સ્ટેબલ સાથે 5 લાખ રૂપિયાથી વધુની છેતરપિંડી થતાં ભરૂચ સાઇબર ગુના પોલીસ મથકમાં આ અંગે ગુનો નોંધાયો હતો. આ મામલે તપાસ કરવા ઝારખંડ પહોંચેલી ભરૂચ પોલીસે

સ્થાનિક પોલીસ સાથે મળી આરોપીની ધરપકડ કરી હોવાનું ભરૂચ જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણાએ જણાવ્યું.....

( બાઇટ – અક્ષયરાજ મકવાણા –SP –BHARUCH )

-------------

# VANKANER MORBI TRAIN CANCEL

આ મહિનાની 12 તારીખે વાંકાનેર અને મોરબી વચ્ચે ચાલતી તમામ ડેમુ ટ્રેન ટૅક્નિકલ કારણોસર રદ રહેશે, એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

-------------